વર્ષ:૨૦૧૫-૧૬ ની નવી બાબત..

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીમાં કરાર આધારિત કાયદા સલાહકારશ્રી (વર્ગ-૨) ની સેવાઓ માસિક રૂ! ૨૫,૦૦૦/- ફિકસ પગારથી ૧૧ માસ માટે એક જગ્યા ઉભી કરવાની વહીવટી મંજૂરી અંગે..

વહીવટી મંજૂરી કૂલ રૂ! ૨.૭૫ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૩/ન.બા/૮૫૮૪૦૪/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-23/04/2015.

વંચાણમાં લીધા:-

૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા:૦૩/૧૧/૨૦૧૪ નો પત્ર ક્રમાંક:અજાક/મકમ/૨/નબા/૪૭૧૯/૨૦૧૪/ક.

આમુખ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની વડી કચેરીમાં કરાર આધારિત કાયદા સલાહકારશ્રી(વર્ગ-૨)ની એક જગ્યા કરાર આધારિત ઉભી કરવા વર્ષ:૨૦૧૫-૧૬ માં રૂ! ૨.૭૫ લાખની નવી બાબતનો અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના ક્રમ નં-૧ માં દર્શાવેલ તા:૦૩/૧૧/૨૦૧૪ ના પત્ર અન્વયે, ઉકત ખાતામાં કાયદા સલાહકારશ્રી(વર્ગ-૨)ની એક જગ્યા કરાર આધારિત ફિક્સ પગારે ઉભી કરવા વર્ષ:૨૦૧૫-૧૬ ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉકત દરખાસ્ત પરત્વે, પુખ્ત વિચારણાને અંતે કાયદા સલાહકારશ્રી (વર્ગ-૨) ની કરાર આધારિત માસિક **રૂ! ૨૫,૦૦૦/-** ના ફિક્સ પગારે **૧૧ માસ** માટે એક જગ્યા ઉભી કરવા વર્ષ:૨૦૧૫-૧૬ માં કૂલ **રૂ! ૨.૭૫ લાખની** નવી બાબતને નીચેની શરતોને અધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧) આ અંગેનો ખર્ચ જે-તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટ મર્યાદામાં કરવાનો રહેશે.

૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૪) આ મંજૂરી અ ન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે.

૬) આ જગ્યા પર જો નિવૃત અધિકારી/કર્મચારીને કરાર આધારિત નિમણૂંક આપવાની હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા:૧૫/૦૩/૨૦૧૨ ના ઠરાવની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે અને જે-તે સમયે પ્રવર્તમાન નીતિ અનુસાર આવી નિમણૂંક કરવાની રહેશે.

૭) આ જગ્યા ચાલુ નાણાંકીય વર્ષ સુધી ચાલુ રાખવા અનુમતિ આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યા વધુ સમય ચાલુ રાખવા અંગે મુદ્દત પુરી થયાના ૧ માસ અગાઉ નાણાં સલાહકારશ્રીને દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે

૮) કરાર આધારિત નિમણૂંકના હુકમમાં આ ઠરાવમાં આપેલ પરિશિષ્ટ-૧ મુજબની શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

૯) ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| **માંગણી ક્રમાંક** | **:- ૯૫ પ્લાન** |
| **મુખ્ય સદર** | **:- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગોનું કલ્યાણ** |
| **પેટા મુખ્ય સદર** | **:- ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ,** |
| **ગૌણ** | **:– સદર-૦૦૧ નિર્દેશ વહીવટ** |
| **પેટા સદર** | **:– ૦૩, બી.સી.કે. ૬૩- અનુસૂચિત જાતિ પેટા યોજના નાગરિક સંરક્ષણની યોજના માટે કર્મચારી વર્ગ.** |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૧૩/૦૪/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(કમલેશ શાહ)
સરકારના નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમપ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.

પરિશિષ્ટ:૧

**કરાર આધારિત કાયદા સલાહકારશ્રી(વર્ગ-૨) ની ફીકસ પગારથી નિમણૂંકના હુકમમાં નીચેની શરતોનો સમાવેશ કરવાનો રહેશે**

૧) શ્રી ______________________ ને કરારના સમયગાળા દરમિયાન રૂ.૨૫,૦૦૦/- નો માસિક ફીક્સ પગાર મળશે. તેઓની નિમણૂંક કરારના ધોરણે ગણવામાં આવશે તથા કરારની મુદત ૧૧ માસની રહેશે.

૨) ઉભય પક્ષે એક માસની નોટીસ અથવા એક માસના ફીક્સ પગારની રકમ સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

3) નિયત ફીક્સ પગાર પર કોઈ પણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહીં.

૪) કરારના સમયગાળા દરમ્યાન શ્રી ___________________ ને ફીક્સ પગારમાં કોઈ પણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહીં. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહીં.

૫) કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહીં.

૬) કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/નોકરી પેન્શન, બોનસ, એલટીસી, એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઈ નાણાકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહીં.

૭) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાની ફીકસ પગારની લેણી રકમ એક્સગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુંષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

૮) શ્રી ____________________ ને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકાશે નહીં. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃતિમાં ભાગ લઈ શકશે નહીં.

૯) શ્રી _____________________ ને કરારના સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૧ પરચૂરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહીં. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામાં આવશે. મહીલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

૧૦) શ્રી _____________________ એ કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહીં.

૧૧) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈ પણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

૧૨) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે.

૧૩) વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર ફીક્સ પગારમાંથી કરી લેવાની રહેશે.

૧૪) નિમણૂંકના સ્મય દરમ્યાન તેમણે બજાવેલ સરકારી સેવા બાબત અંગે કોઈપણ પ્રકારની ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઈ જવાબદારી રહેશે નહીં.

૧૫) કરાર આધારિત ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહીં.

૧૬) ઉપર્યુકત શરતો નિમણૂંક પામનાર વ્યક્તિને સ્વિકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે.

૧૭) આ ભરતી જે-તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજીપત્રકમાં આ શરતોને સમાવેશ કરવાનો રહેશે.

૧૮) આ કરાર આધારિત ફરજ ઉપર જોડાતાં પહેલા શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(કે.આર.મહેતા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ